ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં વાજતે-ગાજતે વિઘ્નહર્તાનું આગમન

## ઠેર-ઠેર નીકળેલી શોભાયાત્રામાં શ્રધ્ધાળુઓ ડીજેના તાલે ઝુમ્યા : નગરમાં ગણેશજીની મનમોહક મૂર્તિઓનું સ્થાપન કરાયું : ગણપતિ બાપ્પા મોરિયાના નાદથી નગર ગુંજી ઉઠ્યું







ગાંધીનગર, તા. ૨૯

આજે સવારથી જ સમગ્ર ગાંધીનગરમાં વિઘ્નહર્તા ગણેશજીની ભક્તિનું ઘોડાપુર ઉમટ્યું હતું. અત્ર-તત્ર-સર્વત્ર નગરમાં મંગલમૂર્તિ ગણપતિની શોભાયાત્રાઓ નીકળી હતી અને બુલંદ નારાઓ ગુંજી રહ્યા હતા. શ્રધ્ધાળુઓ ડીજે સંગીત અને નાસિક ઢોલના ધબકારે ગણેશજીના આગમનથી નાચી રહ્યા હતા અને અબીલ-ગુલાલ ઉડાડી સૌને પાર્વતીપુત્ર ગજાનંદની ભક્તિમાં રસતરબોળ કરી દીધા હતા. આ શોભાયાત્રાઓમાં અબાલ વૃદ્ધ સૌ કોઈ જોડાયા હતા અને ઉત્સવમય વાતાવરણમાં નગરજનો સર્વે ભેદભાવ ભુલી પુરૂષો-મહિલાઓ, યુવાનો-યુવતીઓ અને બાળકો 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નારા લગાવી જય જયકાર કરી રહ્યા હતા. નગરમાં ગણેશજીની મન મોહક મૂર્તિઓનું સ્થાપન કરાયું હતું અને તેમની પૂજા-આરતી કરી ભક્તોએ મોદક, મોતીચૂરના લાડુ અને બુંદીનો પ્રસાદ માણ્યો હતો.

### સે. ૨-સીમાં ગણેશજીના રથે આકર્ષણ જમાવ્યુ

સે. ૨-સી ખાતે યોજવામાં આવેલ ગણેશોત્સવમાં વાદળો વચ્ચે સ્વર્ગમાંથી ગણપતિદાદાનો રથ ઉતરી આવતો હોય તેવી થીમ તૈયાર કરાઈ છે. આ રથ મયુર ખેંચી રહ્યો છે જ્યારે ચાર મૂષકો ગણેશજીના રથની આગળ પાછળ ઉભા રહીને ઢોલક, શરણાઈ અને મંજીરા વગેરે વગાડી રહ્યા છે અને એક મૂષક તેમનો સારથી બન્યો છે. અહીં આ ભવ્ય આયોજને લોકોમાં ભારે આકર્ષણ જન્માવ્યું હતુ.

સેક્ટર-૨૨માં સતત ૪૫ માં વર્ષે સાર્વજનિક ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા રંગમંચ ખાતે ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯.૦૦ વાગે સે. ૩ ખાતેથી શ્રીજીની મૂર્તિઓની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે સે. ૩ ના રીંગરોડ, સે. ૬ ભુવનેશ્વર મહાદેવ, ગ-રોડ થઈને સે. ૧૬ના સોમનાથ મહાદેવથી સે. ૨૩ ના શોપીંગ થઈને સે. ૨૨ ના રંગમંચ ખાતે સાંજે પહોંચી હતી. આ શોભાયાત્રામાં આયોજક સમિતિના પ્રમુખ નિશિત વ્યાસ, ઉપપ્રમુખ પંઢરીનાથ જગતાપ અને અરૂણ બૂચ તેમજ ચેતના બૂચ સહિત અનેક અગ્રણીઓ જોડાયા હતા. આ શોભાયાત્રામાં ભક્તોએ શ્રધ્ધાપૂર્વક ગણપતિના દર્શન કરી પ્રસાદનો લાભ લીધો હતો.

સે. ૬ના ભુવનેશ્વર મહાદેવ ખાતે પણ ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં સવારે ૧૦.૦૦ વાગે સે. ૬માં જયેશભાઈ પ્રજાપતિના ઘરેથી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં યુવક મંડળના યુવાનો સહિત અનેક ગણેશ ભક્તો જોડાયા હતા. તેમજ મંડળના અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા. સે. ૧૭ ખાતે શોપીંગ સેન્ટરની સામે ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. અહીં સવારે ૯.૦૦ વાગે રાજુભાઈ કદમના ઘરેથી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. નાસિક ઢોલના તાલે નીકળેલી આ શોભાયાત્રામાં સે. ૧૭ ના અનિલભાઈ પટેલ, રમેશભાઈ વાટકેશ, ભારસંગભાઈ અને જીતુભાઈ સહિત અનેક લોકો જોડાયા હતા.

સે. ૩ માં વહેલી સવારે ૮.૦૦ વાગે પ્લોટ નં. ૧૧૫૩ ખાતેથી ગણેશજીની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા હતા. સે. ૪ ખાતે પણ ઓમકારેશ્વર મંદિરે ગણપતિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. અહીં નીકળેલી

● અનુસંધાન પાન-૭ પર











(તસવીર : દિપક જાની અને કશ્યપ નિમાવત)

## ૧૦૮ હવે ઍર એમ્બ્યુલન્સ અને બૉટ એમ્બ્યુલન્સ પણ શરૂ કરશે

### ૭ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી સમયે જાહેરાત કરાઈ : સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને ૧૦૮ ટીમમાં વિશિષ્ટ કામગીરી કરનાર સ્ટાફને એવોર્ડથી સન્માનિત કરાયા

ગાંધીનગર, તા. ૨૯

૧૦૮ ઈમર્જન્સી મેનેજમેન્ટ સેવાના ૭ વર્ષ પૂર્ણ થયાની ઉજવણીના



(તસવીર : કશ્યપ નિમાવત)

ભાગરૂપે આજે ગાંધીનગર મેડીકલ કોલેજના ઑડીટોરીયમ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. ઈમર્જન્સીમાં ૯૯ ટકા કોલ્સમાં ત્રણ સેકન્ડથી પણ ઓછા સમયમાં પ્રતિસાદ આપી ક્વીક રીસ્પોન્સ સાથે રાજયભરમાં અનેકની જીંદગી બચાવવાનો શ્રેય મેળવનાર ૧૦૮ એમ્બ્યુલન્સ હવે હવાઈ વિસ્તાર માટે ઍર એમ્બ્યુલન્સ અને દરીયાઈ વિસ્તાર માટે બૉટ એમ્બ્યુલન્સ સેવા પણ શરૂ કરવા તરફ સક્રીય વિચારણા કરી રહી છે. બે-ત્રણ વર્ષમાં આ સેવા શરૂ થઈ જાય તેવી શક્યતા પણ કાર્યક્રમ દરમિયાન જી.વી.કે. ઈ.એમ.આર.આઈ.ના ડાયરેક્ટરે વ્યક્ત કરી છે.

ગુજરાતમાં ૧૦૮ સેવાની શરૂઆત ૨૯ ઑગસ્ટ-૨૦૦૭ના રોજ થઈ હતી. જી.વી.કે. ઈ.એમ.આર.આઈ. અને ગુજરાત સરકારે સાથે રહીને રાજ્યમાં વ્યાપક, ઝડપી, વિશ્વાસપાત્ર અને ગુણવત્તાની ઈમર્જન્સી સેવા પુરી પાડવાના ઉમદા ધ્યેય અને સાત વર્ષ પૂર્ણ કરી અત્યાર સુધીમાં જીવલેણ પરિસ્થિતિમાં ૩.૪૭ લાખ કરતા પણ વધુ વ્યક્તિઓની જિંદગીઓ બચાવી છે. ૧૦૮ સેવાને ૭ વર્ષ પૂર્ણ થતા ગાંધીનગર મેડીકલ કોલેજ ઓડીટોરીયમમાં કાર્યક્રમનું

● અનુસંધાન પાન-૭ પર

## ૧૪ વર્ષની કિશોરી આપઘાત કરવા ઈન્દોરથી ગાંધીનગર આવી પહોંચી

### પથિકાશ્રમ એસ.ટી. ડેપોમાંથી સે. ૭ પોલીસ કિશોરીને પોલીસ સ્ટેશન લઈ ગઈ અને શાંત પાડીને પરિવારજનોને સોંપી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી ગઈકાલે ખુબ જ ગભરાઈ ગયેલી હાલતમાં ૧૪ વર્ષની કિશોરી ઉભી હોવાની જાણ સે. ૭ પોલીસને થતા પોલીસની ટીમ ડેપો પહોંચી ગઈ હતી અને કિશોરીને શાંત પાડીને પોલીસ સ્ટેશન લઈ જવાઈ હતી. કિશોરીને ચા-નાસ્તો કરાવ્યા બાદ અહી કેવી રીતે આવી પહોંચી તે અંગે પૃચ્છા કરતા જાણવા મળ્યું હતું કે તે ઈન્દોરથી ટ્રેનમાં બેસી ગઈ હતી. અને કોઈ કારણોસર આપઘાત કરવાનું વિચારી રહી હતી. સે. ૭ પોલીસે શાત્વના આપીને ઈન્દોરથી તેણીના પરિવાર તથા પોલીસને બોલાવીને કિશોરી પરત ઈન્દોર મોકલી હતી.

ગઈકાલે ગાંધીનગર એસ.ટી. ડેપોમાં અત્યંત ગભરાયેલી હાલતમાં ઉભેલી એક કિશોરીને જોઈને કોઈએ સે. ૭ પોલીસને જાણ કરી હતી. પી.આઈ. જે.એમ. ભરવાડ તથા તેમની ટીમ ડેપો પહોંચી ગયા હતા અને કિશોરીને શાંત્વના આપીને પરિસ્થિતિ આખી સમજવા સે. ૭ પોલીસ સ્ટેશન લઈ આવ્યા હતા. ગભરાયેલી ૧૪ વર્ષની કિશોરીને શાંત પાડી પ્રશ્નોત્તરી કરતા જાણવા મળ્યું હતું કે તે ઈન્દોરના એક ગામની રહેવાસી છે. ધોરણ-૯ માં અભ્યાસ કરતી કિશોરી કોઈ કારણસર ઘરેથી ચાલી ગઈ હતી

● અનુસંધાન પાન-૭ પર

## ગણેશ વિસર્જન માટે તંત્ર દ્વારા કૃત્રિમ તળાવ તૈયાર કરાશે

### સંત સરોવર પાસે ગત વર્ષની જેમ આ વર્ષે પણ તળાવ તૈયાર થશે

ગાંધીનગર, તા. ૨૯

ભગવાન ગણેશજીની ભક્તિ-અર્ચનાના પર્વની શરૂઆત થઈ ગઈ છે. આજે શહેરના સેક્ટરોમાં શ્રીજીની શોભાયાત્રા ભવ્ય સ્વરૂપે નીકળતા વિઘ્નહર્તા દેવની ભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. ગણેશોત્સવના પર્વના અંતે યોજાતા ગણેશ વિસર્જનના કાર્યક્રમને અનુલક્ષી આ વખતે પણ તંત્ર દ્વારા કૃત્રિમ તળાવનું નિર્માણ કરવામાં આવસે. સંત સરોવરની બાજુમાં ૧૮ બાય ૮ બાય ૨ મીટરની જગ્યામાં મીની તળાવનું નિર્માણ કામ હાથ ધરાયું છે.

વિઘ્નહર્તા ગણેશજીના ભક્તિપર્વ ગણેશોત્સવની ઉજવણીનો શહેરમાં અનોખો થનગનાટ જોવા મળે છે. શહેરના સેક્ટરોની શેરીઓમાં ગણેશજીની સ્થાપના અને પૂજા-ભક્તિ અન્વયે વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. નગરમાં વિવિધ પાંચ ઠેકાણે અલ્ટ્રા મોર્ડન ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

ગણેશોત્સવની ઉજવણી માત્ર સંસ્થાઓ અને ધાર્મિક સ્થાનો સુધી જ સિમિત ન રહેતા સેક્ટરોમાં ઘણા-ખરા ઘરોમાં પણ ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું છે. પ્રતિવર્ષ ગણેશોત્સવની ભક્તિનો રંગ નિકરતા દુંદાળા દેવની સ્થાપના કરનારા ભાવિકોની સંખ્યા વધતી જાય છે. જેના પરિણામે ગણેશ વિસર્જન ટાણે પણ ભાવિકોની વિશેષ ભીડ જોવા મળે છે. અગાઉના વર્ષોમાં ગણેશ વિસર્જન દરમિયાન જિલ્લામાં ભાવિકોની સલામતી જોખમાઈ હોવાના કિસ્સાઓ પણ ધ્યાને આવ્યા હતા. જ્યારે છેલ્લા બે વર્ષથી તંત્ર દ્વારા ગણેશજીની મૂર્તિના વિસર્જન માટે કૃત્રિમ તળાવ બનાવવામાં ાવે છે. આ વખતે પણ તંત્ર દ્વારા સંત સરોવરની બાજુની સાઈટમાં ૧૮ બાય ૮ બાય ૨ મીટરનું મીની કૃત્રિમ તળાવ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

### ખૂણે... ...ખાંચરેથી

- બી.એસ.એન.એલ.ના ગ્રાહકો દ્વારા નિયમિત રીતે બિલની ભરપાઈ થતી હોવા છતાં ગ્રાહકોના ફોનની સેવાઓ ઠપ્પ કરી દેવામાં આવશે તેવા સંદેશાઓ આપવામાં આવતાં ગ્રાહકોમાં રોષની લાગણી જન્મી છે.
- ગાંધીનગર જિલ્લામાં વરસાદ પાછો જતાં ખેડૂતોમાં પુનઃ ચિંતાનું મોજુ પ્રસર્યું છે. ગરમી પણ દિવસ દરમિયાન ઉનાળા જેવી પડતી હોવાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.
- ગાંધીનગર શહેરમાં પાણીજન્ય રોગના કેસો છુટા છવાયા વધી રહ્યા છે.
- આજે આરોગ્યતંત્રના અધિકારીઓની ટીમ શાંતિગ્રામ પર ત્રાટકી હતી અને પાણીના ક્લોરીનેશનને લઈ ચકાસણી કરી હતી. આ ઉપરાંત રોગચાળા નિયંત્રણ અધિકારી મામલતદાર ગાંધીનગરે પણ સાઈટની વિઝીટ કરી હતી.
- સંવત્સરીના પર્વે પ્રતિક્રમણ બાદ આજે જૈન પરિવારો એકબીજાને મળી એક બીજાને મિચ્છામી દુક્કડમ્ પાઠવ્યા હતા.
- ગતિશીલ ગુજરાતના કાર્યક્રમોની થયેલી કામગીરીની મુખ્યમંત્રી કક્ષાએ સમીક્ષા હાથ ધરવામાં આવી છે. આજે મહેસાણા ખાતે આવી સમીક્ષા બેઠક હતી. શનિવારે સુરતમાં આવી સમીક્ષા બેઠક છે.

શ્રદ્ધાંજલિ



સ્વ. રણછોડભાઈ અભેચંદદાસ પટેલ

મુ. કોલવડા, તા.જી. ગાંધીનગર

સ્વ. તા. ૨૩-૮-૨૦૧૪

આપના દિવ્ય આત્માને અમારા કોટિ કોટિ વંદન

ચિર શાંતિ માટે પ્રાર્થના

લિ.

શિરીષ ઠાકર

(સી.એમ. ઠાકર હાઈસ્કૂલ, અમદાવાદ)

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com